આકાશવાણી, અમદાવાદ

04-09-2026 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

VADODARA DOCTOR

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ વડોદરાની SSG હોસ્પિટલમાં મનોચિકિત્સા વિભાગના તબીબ સામે કાર્યવાહી કરી છે. તબીબ સામે હેરાનગતિ સહિતની નિવાસી તબીબોની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. કાર્યવાહીના ભાગરૂપે તબીબની વડોદરાથી ભાવનગર તાત્કાલિક બદલી કરવામાં આવી છે.

JANMASHTAMI CELEBRATION OVERALL

રાજ્ય સહિત દેશભરમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવના પર્વ જન્માષ્ટમીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે દેવભૂમિદ્વારકાના દ્વારકાધીશ જગતમંદિર, અરવલ્લીના શામળાજી મંદિર, ખેડાના ડાકોર રણછોડરાયજી મંદિર સહિતના યાત્રાધામ અને ઘરોમાં આ પર્વને લઈ વિશેષ શણગાર કરાયો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સંદેશમાં નાગરિકોને જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવી.

તો, રાજ્યના મિની દ્વારકા તરીકે પ્રખ્યાત ખેડાના યાત્રાધામ ડાકોરમાં રાજા રણછોડરાયજી મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. મંદિરમાં સવારથી જ જય રણછોડ માખણચોર, હાથી ઘોડા પાલખી જય કન્હૈયા લાલ કીના નાદ ગૂંજી રહ્યા છે. મંદિર પરિસરમાં આશોપાલવના તોરણો લગાવી ભવ્ય શણગાર કરાયો. જ્યારે પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. અમદાવાદ રેન્જ આઈજી રાઘવેન્દ્ર વત્સે સહપરિવાર આજે મંદિરમાં દર્શન કર્યા.

યાત્રાધામ શામળાજી મંદિરમાં પણ સવારથી ભક્તો દર્શનાર્થે પહોંચી રહ્યા છે. ભક્તોએ સવારે મંગળા આરતી અને શણગાર આરતીનો લ્હાવો લીધો. મંદિરને આસોપાલવ, કેળ, વાંસ અને આંબાના પાનના તોરણોથી શણગારાયું છે. જન્માષ્ટમી નિમિત્તે 100 કિલોથી વધુ વિવિધ ફૂલનો ઉપયોગ કરી ભગવાનના નિજ મંદિરનો ભવ્ય શણગાર કરાયો. આ અંગે શામળાજી મંદિરના પૂજારી પરેશ રાણાએ વધુ માહિતી આપી.

દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ જગત મંદિરમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શને આવી રહ્યા છે. મધરાત્રિએ શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી સાથે મંદિર “નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કીના જયઘોષથી ગૂંજી ઉઠશે. તો, સુરેન્દ્રનગરમાં યોજાયેલી ભવ્ય શોભાયાત્રાનું ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણા સહિતના મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું.

કચ્છમાં પણ ભુજ સહિતના સ્થળ પર જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલા લોકમેળામાં ભારે ભીડ જોવા મળી. વિવિધ જગ્યાએ શોભાયાત્રા યોજી મટકીફોડના કાર્યક્રમ યોજાયા.

પ્રભાસ પાટણમાં જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય માહોલ જોવા મળી રહ્યો છે. સોમનાથના હરિહર તીર્થ ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. પ્રાતઃ આરતીમાં હરહર મહાદેવ અને જય કનૈયાલાલ કીના જયઘોષથી મંદિર ગૂંજી ઉઠ્યું.

મહેસાણા જિલ્લામાં પણ જન્માષ્ટમી પર્વને લઈ વિવિધ સ્થળ પર કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીના કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

તો, અમદાવાદમાં પણ ઈસ્કોન મંદિર, ભાડજના હરેકૃષ્ણ મંદિર સહિતના ધાર્મિક સ્થળો પર જન્માષ્ટમી નિમિત્તે ભગવાનને વિશેષ શણગાર કરાયો.

## BHARUCH POLICE

ભરૂચ જિલ્લામાં આઠમના તહેવારને લઈ શ્રાવણિયા જુગારની પ્રવૃત્તિઓ પર પોલીસની બાજ નજર રહેશે. પોલીસ દ્વારા ડ્રોન કેમેરાની મદદથી સંવેદનશીલ અને શંકાસ્પદ સ્થળોનું મોનીટરીંગ કરવામાં આવશે. ડ્રોન મારફતે ઉપરથી નજર રાખી ગેરકાયદે પ્રવૃતિ કરતા લોકોની ઓળખ કરવામાં આવશે અને માહિતી મળતા જ પોલીસ ટીમ દ્વારા સ્થળ પર દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## JAMNAGAR CHECKING

જામનગર શહેરમાંથી ખાદ્ય પદાર્થનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો છે. પાલિકાની ટીમ દ્વારા શ્રાવણી મેળામાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી. તે દરમિયાન 40 કિલો સ્ટીમ ઢોકળા, 200 નંગ પાંવ, 2 કિલો દહીં અને 10 કિલો વાસી ચટણીનો જથ્થો પકડાયો. તપાસ દરમિયાન શંકાસ્પદ ખાદ્યતેલ પણ મળી આવ્યું હોવાનું ફૂડ અધિકારી એન પી. જાસોલીયાએ જણાવ્યું.

## JUNAGADH UPARKOT

જૂનાગઢનો ઐતિહાસિક ઉપરકોટ કિલ્લો પ્રવાસીઓ માટે ફરી ખુલ્લો મુકાયો છે. થોડા દિવસ અગાઉ દીપડાની અવરજવર જોવા મળતા પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કિલ્લો 4 દિવસ બંધ રાખવામાં આવ્યો હતો. દરમિયાન વન વિભાગ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું. વન વિભાગની સતત કામગીરી બાદ પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરાઈ હતી.

## DAMAN POLICE CHECKING

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પોલીસે વિશેષ વાહન તપાસ અભિયાન દરમિયાન વાહનચાલકોને 569 ચલણ જાહેર કર્યા. ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ લાવવાના હેતુસર ગત 2 અને ત્રણ સપ્ટેમ્બરે આ તપાસ અભિયાન હાથ ધરાયું. દરમિયાન હેલ્મેટ વગર વાહન ચલાવવા બદલ 311, કાળા કાંચ લગાવવા બદલ 36, નૉ-પાર્કિંગના 23, પ્રદૂષણ સંબંધિત 6, ખામીયુક્ત નંબરપ્લેટના 30 અને નંબરપ્લેટ વગરના વાહનોના 24 ચલણ અપાયા. ઉપરાંત કેફી દ્રવ્યનું સેવન કરીને વાહન ચલાવવા બદલ પાંચ કેસ નોંધવામાં આવ્યા. સાથે જ ટ્રાફિકના બાકી ચલણ ધરાવતા 16 વાહનમાલિકોને પોલીસમથક પર બોલાવી તેમના વાહન જપ્ત કરાયા હતા.